અપીલ અરજી નં.૩૯/૦૮–૦૯ તા. ૧૬–૫–૦૮

અરજદાર: શ્રી હેતલ હર્ષદરાય મહેતા
સામાવાળા:(૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

# હુકમ:–

***વિષય:***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેતલ હર્ષદરાય મહેતાની તા.૨૮–૩–૦૮ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં રસ્તામાં ગેરકાયદેસર થતા દબાણ બાબત.
***સંદર્ભ:***–અરજદાર મજકુરની તા.૧૬–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૯/૦૮–૦૯

શ્રી હેતલ હર્ષદરાય મહેતા ધ્વારા તેઓની તા.૨૮–૩–૦૮ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)માં રસ્તામાં ગેરકાયદેસર થતા દબાણ બાબતે જય નર્મદ સોસાયટી અલથાણની ગેરકાયદેસર દિવાલ એલાઈમેન્ટમાં આવે તે ન તોડવા અંગેના કારણોની માહિતી માંગવા બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આર.ટી.આઈ/૨૨ તા.૨૮–૪–૦૮ થી પ્રશ્નવાળી મિલ્કતનો સમાવેશ ડ્રાફ્ટ ટીપી સ્કીમમાં થતો હોઈ મનપા ધ્વારા કબ્જો મેળવેલ નથી તેવો પાઠવેલ જવાબ સંતોષકારક ન જણાતા નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિત ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧ તા.૨૨–૫–૦૮ ના રોજ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓના પત્ર નં.એસ.ડબ્લ્યુ ઝોન/આ.નં.૬૨ તા.૩૧–૫–૦૮ ના રોજ અત્રેના વિભાગને મળે લ છે. જેમાં સદર ટીપી સ્કીમની ફાઈનલ કાર્યવાહી કયા તબકકે છે તેની વિગતસહ મિલ્કતના કબ્જા અંગે સ્થિતિ જણાવેલ છે.તથા સાથે કયા સંજોગોમાં લાઈટપોલની સુવિધા આપેલ છે તેની વિગત પણ સ્પષ્ટ કરેલ છે.

અરજદાર ધ્વારા મુળ અરજીમાં જયનર્મદ સોસા.ની બહારની સાઈડે આવેલ ગેરકાયદેસર દિવાલ ન તોડવા અંગેના કારણોની માહિતી માંગવામાં આવેલ છે. જયારે અપીલ અરજીમાં ટી.પી.સ્કીમ અને લાઈટપોલ મુકવા બાબતેની માહિતી માંગવામાં આવેલ છે. આ રીતે મુળ અરજીથી માંગેલ માહિતી કરતાં અપીલ અરજીમાં તેટલે અંશે અલાયદી માહિતી માંગેલ છે પરંતુ અરજદાર તે ધ્વારા મહાનગરપાલિકા ધ્વારા એક સુવિધા પૂરી પાડેલ વિસ્તારમાંજ અન્ય ફરીયાદનું નિરાકરણ નહી થતું હોવા બાબતે જાણકારી મેળવવાનો ઉદ્દેશ સ્પષ્ટ થાય છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૩–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ માહિતીથી અરજદારને પૂરી હકીકત સ્પષ્ટ થતી ન હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે મળેલ પૂરક માહિતી અનુસારની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,અઠવાઝોન..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેતલ હર્ષદરાય મહેતા,